ભેટ

R

## શ્રીચન્દ્રપ્રભાસપાટણ-

# તીર્થમહાત્મ્ય

: સંગ્રાહક :

પ. પૂ. આચાર્યદેવ-શ્રીચન્દ્રસાગરસૂરિજીના
ચરણકિંકર મુનિશ્રીચંદનસાગરજીમહારાજ

ત્રણ મજલાનું ભવ્ય જિનાલય શ્રી ગજેન્દ્રપૂર્ણપ્રાસાદ.

પ્રતિષ્ઠા
સંવત
૨૦૦૮
મહા
શુદિ ૬



શિલ્પ-
શાસ્ત્રીશ્રી
પ્રભાશંકર
ઓઘડજી
સોમપુરા

મોડલરચયિતા-જાદવજી વનમાળી પરમાર-મહુવા

પ્રકાશક :
શ્રી સિદ્ધચક્ર સાહિત્ય સમિતિ
C/o શેઠશ્રી ચીમનલાલ સવાઈચંદ સંઘવી
ઠે. ગોળશેરી. ગજેમંદી સુરત

આવૃત્તિ બીજી : નકલ ૧૦૦૦ : કિં. ૦-૬-

મુદ્રક
આનંદ પ્રેસ
ભાવનગર

# આભાર વક્તવ્ય-

હમારા શ્રીચન્દ્રપ્રભાસપાટણતીર્થના પૂર્ણ સદ્‌ભાગ્યે શ્રી સંઘે ચાલુ વર્ષના મહામાસમાં અંજનશલાકા, પ્રતિષ્ઠા હોઈ આ શુભ કાર્ય માટે સ્વર્ગસ્થ પ. પૂ. આગમોધ્ધારક, આચાર્યદેવેશ શ્રી આનન્દસાગરસૂરિપુરંદરના વિદ્વાન્, પરમ પ્રભાવિક પટ્ટવિભૂષક, **આચાર્યદેવ** શ્રીચન્દ્રસાગરસૂરી-શ્વરજીને સિદ્ધક્ષેત્રમાં જઈને શ્રીસંઘે આમન્ત્યા હતા. તેઓશ્રી હમારા આ શુભ કાર્ય માટે તાત્કાલિક વિહાર કરી ૨૭ શિષ્ય-પ્રશિષ્યના વિશાલ પરિવાર સહ પધાર્યા.

આ અગાઉ હમારા શ્રીસંઘને ફક્ત આ તીર્થ પ્રાચીન છે તે સીવાયની આ તીર્થ કોણે સ્થાપ્યું? કયારે સ્થાપ્યું? કોણે કોણે ઉદ્ધારો કર્યા? શિલાલેખોમાં શું છે? મૂળનાયક શ્રી ચન્દ્રપ્રભપ્રભુનું બિંબ કોણે ભરાવ્યું? વગેરે કંઈ માહિતી હતી નહી, ફક્ત શિલ્પશાસ્ત્રી શ્રીપ્રભાશંકરભાઈના કહેવાથી એટલું જાણવામાં આવેલું કે-અહિં કુમારપાળ મહારાજાએ અષ્ટાપદનું દેરાસર અને કુમારવિહાર બંધાવી સુવર્ણ કલશ ચઢાવેલો.

પૂ. આચાર્યદેવશ્રી પધાર્યા બાદ તેઓશ્રીની આજ્ઞાથી પૂ. ઉ. શ્રી **દેવેન્દ્રસાગરજી** ગણિવર અને પૂ. મુનિ શ્રી ચંદનસાગરજી મહારાજ તીર્થની પ્રાચીનતા આદિ તપાસવા લાગ્યા. પરન્તુ પ્રતિષ્ઠાનું કાર્ય સંપૂર્ણ થતાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજશ્રી આદિ ઠાણાં વિહાર કરી ગયા છતાં પ. પૂ.

આચાર્યદેવશ્રીની પવિત્ર નિશ્રામાં [illegible] ...ગરજી મહારાજશ્રીએ પોતાના સર્વે પ્રયત્નો ચાલુ રાખ્યા અને નીચેની હકીકતો નોંધી.

આ ભૂમિ એ જ છે કે જે શ્રી શત્રુંજયમહાતીર્થનું ચન્દ્રોદ્યાન હતું અને અહિં પ્રથમ ચક્રવર્તિ ભરતમહારાજાએ પધારી ચન્દ્રપ્રભાસપાટણ નગર વસાવી ભાવી ચંદ્રપ્રભપ્રભુનું દેરાસર બંધાવ્યું. આ સમયે દરીઓ ઘણો દૂર હતો, શ્રી અજિતનાથ પ્રભુના કાળમાં શ્રી સિદ્ધગિરિના રક્ષણ અર્થે સગર ચક્રવર્તીએ આ દરીયાને નજીક આણ્યો; અને શ્રી ચન્દ્રપ્રભપ્રભુ જ્યારે દરીયાકિનારે કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહ્યા ત્યારે દરીયાના મોજાં તેમને અથડાતાં ભક્તિથી દરીયાના દેવે જળના સ્થાને સ્થળભૂમિ કરી દીધી. આ હકીકતને આજે લાખો વર્ષ થયાં છે છતાં પણ વર્તમાનમાં ઊંડાણમાં ખોદકામ કરતાં રેતીના જામેલા ઢગો નીકલે છે, આ વસ્તુ ઉપર જણાવેલ હકીકતને પૂરવાર કરે છે કે આવું કંઇક થયું હોવું જોઇએ. ત્યાર પછી પણ આ મહાત્મ્યમાં જણાવ્યા પ્રમાણે ઠેઠ પહેલા તીર્થંકરથી યાવત્ ત્રેવીસમા તીર્થંકરના સમય સુધી આ તીર્થની હયાતિ હતી.

ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર પ્રભુના શાસનમાં પણ તીર્થની હયાતી હતિ. વિક્રમ સંવત. ૩૭૫ વલ્લભીપુરનો જ્યારે ભંગ થયો ત્યારે અધિષ્ઠાયક દેવે આકાશ માર્ગે થઈ શ્રીચન્દ્રપ્રભપ્રભુની પ્રતિમા, શ્રીઅંબિકાદેવી અને ક્ષેત્રપાળોની પ્રતિમા અહિના જિનમન્દિરમાં આણી.

આ હકીકત ગ્રંન્થોમાંથી નીકળી પરન્તુ વિદ્યામાનમાં તે જ મૂર્તિઓ છે તેની ખાત્રી હમોને કે કોઇને હતી નહીં. ભવિતવ્યતાના યોગે શ્રીઅંબિકાદેવીની પ્રતિમાવિષેનો લેખ

મુનિશ્રી ચન્દનસાગરજી મહારાજે વાંચ્યો તો તે લેખમાં કોતરેલું નીકળ્યું કે આકાશમાર્ગે આવેલા આ શ્રીઅંબિકાદેવીની દેરીનો વિક્રમ સં. ૧૩૬૫ના વૈશાખ વદિ ૫ બુધવારે જીર્ણોધ્ધાર કર્યો. આ પછીનો અને પહેલાંનો પણ ઘણો ઇતિહાસ નીકળ્યો.

પ્રભુઓના બિંબો અને ભગ્ન પરિકરમાંથી હમોને જાણવા મળ્યું કે વિક્રમ સં. ૧૬૬૬ના વર્ષમાં પોષ સુદિ ૬ ગુરૂવારથી મહા સુદિ ૬ સુધીમાં એટલે એક જ માસમાં અહિં પાંચ વખત અંજનશલાકા અને પ્રતિષ્ઠાઓ થઇ હતી. આજે ૩૪૨ વર્ષે હમારા શ્રી સંઘના પૂર્ણ ભાગ્યે મહા સુદિ ૬ને ગુરૂવારે જ પ્રતિષ્ઠા થઇ. હમારા આ જિનમન્દિરોનો જીર્ણોધ્ધાર આજથી ૧૩૨ વર્ષ ઉપર માંગરોળનિવાસી શેઠશ્રી સુન્દરજી મકનજીના હસ્તે થયો હતો અને વિક્રમ સં. ૧૮૭૬ મહા સુદિ ૮ના દિવસે પ્રતિષ્ઠા થઈ હતી. અર્થાત્ હમારા અહિંના શ્રીસંઘને મહા માસ એ ભાવિએ નિર્મેલો પવિત્ર માસ બનેલો છે તેમ જણાયું.

શિલાલેખો પણ તેઓશ્રીએ ઉતાર્યા. આ બધુંય કાર્ય પૂ. મુનિશ્રી ચંદનસાગરજી મહારાજે અથાગ મહેનત લઈ કર્યું.

હમારો શ્રી સંઘનો વિચાર આ વસ્તુ વધારે પ્રકાશમાં લાવવા અને વર્તમાનમાં ઉજવાયેલો–અજાયબી પમાડતો ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ હતો, તેની પણ વિશિષ્ટ નોંધ પ્રકાશમાં લાવવા થયો, હમે પ. પૂ. આ. શ્રીચન્દ્રસાગરસૂરીશ્વરજીને હમારા પરિણામ જણાવ્યા અને નક્કી થયું કે શ્રીસિદ્ધચક્રમાસિકમાં આ બધી હકીકત હમારા ખર્ચે લેવી અને પૂજ્ય આચાર્યદેવશ્રીએ પૂ૦ મુનિશ્રી

ચન્દનસાગરજી મહારાજને બધોય વૃત્તાંત તૈયાર કરવા આજ્ઞા ફરમાવી.

તેઓશ્રીએ શિરસાવંદ્ય કરી વૃત્તાંત તૈયાર કર્યો અને શ્રી સિધ્ધચક્ર માસિક વર્ષ ૧૮ અંક ૬–૭ મો શ્રી ચન્દ્રપ્રભાસપાટણતીર્થાંક તરીકે આઠ ફોટાઓ સહ બ્હાર પડયો. હમે જોકે ૧૧૨૫ ) કોપીઓ છપાવી પણ ભાવિકોની માગ તો ઘણી આવવા લાગી એટલે હમારા શ્રીસંઘે શ્રીસિદ્ધચક્રમાસિક અંક ૬–૭ માં છપાયેલ પ્રાચીનતા અને પાછલથી વધુ પ્રાપ્ત થયેલ ઇતિહાસ શ્રી સિદ્ધચક્ર માસિક અંક ૮માં છપાયેલ સહ હમારા ખર્ચે છપાવી આપવાની પૂજ્ય આચાર્યદેવશ્રી પાસે માગણી કરી. તેઓશ્રીએ શ્રી સિદ્ધચક્ર સાહિત્ય સમિતિ મારફતે હમોને ફરી છપાવી આપ્યું જે હમો વાંચક મહાશયોના ચરણકમલમાં બીજી આવૃત્તિ તરીકે આપને રજુ કરીએ છીએ, તેમ આ સાથે શ્રી સંઘે જીર્ણોદ્ધાર કરાવી, ભવ્ય જિનાલયને બંધાવ્યું છે તેની ભવ્યતાનો ખ્યાલ આપતા વિદ્વાનોના અભિપ્રાય સ્વરૂપ લેખોને પણ આ બુકમાં દર્શાવ્યા છે.

આ હમારા કાર્યમાં પ. પૂ. આચાર્યમહારાજ શ્રી ચન્દ્રસાગરસૂરિજીની કૃપાદષ્ટિ અને પૂ. મુનિશ્રી ચન્દનસાગરજી મ. શ્રીની અથાગ મહેનત માટે હમે જેટલો આભાર માનીયે તેટલો ઓછો છે.

લી.

શ્વે૦ મૂર્તિપૂજક જૈન સંઘના જિર્ણોદ્ધાર કમિટિના મેંબરો
શ્રીચન્દ્રપ્રભાસપાટણ-(સૌરાષ્ટ્ર).

# પ્રભાસપાટણનું બેનમૂન–જિનમંદિર

જાણીતા સાહિત્ય આલેખનકાર મહાશય શું કહે છે.–

ગયા માહ મહિનાના પહેલા અઠવાડિયામાં જુદાં જુદાં ગામો–શહેરોમાં જિનમંદિરોની પ્રતિષ્ઠાઓ થવાના સમાચાર જાણવા મળ્યા. તેમાં પ્રભાસપાટણના જિનમંદિરની પ્રતિષ્ઠાના સમાચાર પણ સામેલ હતા, પણ એ વખતે જિનમંદિર કેવું હશે ? એનો લેશ પણ ખ્યાલ ન હતો. એક મિત્રની પુત્રીના લગ્ન નિમિત્ત મારા ભાઇ શ્રીયુત જયભિખ્ખુની સાથે થોડા દિવસ પહેલાં કેશોદ જવાનું થયું. એટલે સુધી ગયા એટલે સોમનાથ અને ગિરનારનાં દર્શન કરી લેવાં એવી ભાવના મનમાં સહેજે જાગેલી. કેશોદમાં અમે સાંભળ્યું કે પ્રભાસપાટણમાં બંધાયેલ નવ જૈનમંદિર ખૂબ મોટું અને સોમનાથના નવેસરથી બાંધવા ધારેલ મંદિરની હરોળમાં આવી શકે એવું સુંદર છે. આ રીતે પ્રભાસપાટણના નૂતન જિનમંદિરનો કર્ણ–પરિચય થયો એટલે એનાં દર્શન કરીને એનો પ્રત્યક્ષ પરિચય મેળવવાની ઊર્મિ મનમાં લહેરાવા લાગી. આ નવીન જિનમંદિરનાં દર્શન કર્યા પછી મન ઉપર એની જે છાપ અંકિત થઇ છે તે રજૂ કરવાનો અહીં પ્રયાસ કરવામાં કરવામાં આવે છે.

સોમનાથની પાછળ ઘુઘવાટ કરીને અનન્તતા સુધી લહેરાતા નીલવર્ણી સાગરનું વિરલ દર્શન કરીને અમે ગામમાં (પ્રભાસપાટણમાં) દાખલ થયા અને જિનમંદિરવાળા મહોલ્લા તરફ વળ્યા, ત્યાં દૂરથી જ પથ્થર અને ટાંકણાંઓના મિલનથી ઉત્પન્ન થતું અવનવું સંગીત કાને અથડાયું. એ સંગીતે કોઇ વિરાટ–શિલ્પકાર્યના દર્શન માટે મનને સાબદું કરી દીધું અને ક્ષણવારમાં અમે એ નૂતન જિનમંદિરના પ્રાંગણમાં ખડા થઈ ગયા, અમે સ્થિર થઇ ઊભા રહ્યા અને સામે નજર કરી તો જાણે અંતર અવનવા ભાવોથી છવાઇ ગયું. પ્રથમ દર્શને જ ‘ભવ્ય’ અને ‘વિરાટ’ કહેવાનું મન થઇ આવે એવી અડેડાટ ઈમારત અમારી સામે ઊભી હતી. શું એની વિશાળતા ? અને શું એની ભવ્યતા ? ઊંચું જુઓ તો જાણે વાદળ સાથે વાતો કરે અને મોટું જુઓ તો જાણે ત્યાંની બધી ધરતીને આવરી લે ! એનાં અંગ પ્રત્યંગોનો કોઇ પાર નહિં, એની શોભાની કાંઇ સીમા નહીં ! દૂર ઊભા ઊભા એને નિહાળ્યા જ કરીએ અને એ સૌંદર્ય–સુધાનું પાન કરતાં કરતાં આધિ–વ્યાધિ–ઉપાધિને વીસરી જઇએ એવું મનમોહક એ દૃશ્ય ક્ષણભર તો લાગે કે આપણે આ ધરતી ઉપર છીએ કે કોઇ રમ્ય સ્વપ્નપ્રદેશમાં વિચરી રહ્યા છીએ ? માનવબુદ્ધિ કેવાં રમ્ય સર્જનો કરી શકે છે, એનો આ એક વધુ નમૂનો નીરખી મન પ્રસન્ન–સંતુષ્ટ બની ગયું.

દૂર ઊભા રહી મંદિરનું દિલભરી રીતે અવલોકન કરી અમે અંદર દાખલ થયા. મનમાં અહોભાવ તો ઉભરાતો હતો

જ, ત્યાં અંદરના દ્રશ્યે મનને સવિશેષ આકર્ષી લીધું. એકી હારમાં ત્રણ મુખ્ય ગર્ભદ્વાર અને છ આજુબાજુના ઉપગર્ભ-દ્વાર મળી નવ ગર્ભદ્વારની યોજનાએ બીજે ક્યાંય ન જોયેલું દ્રશ્ય છે. અને આ જિનમંદિરની વિશિષ્ટતા ત્રણ મુખ્ય ગર્ભ-દ્વારો આગળના ગૂંબજો અને એ ગર્ભદ્વારો ઉપરનાં મોટાં શિખરો અને બીજાં નાનાં મોટાં ગૂંબજો કે શિખરો આખા મંદિરની કાયામાં જાણે અલંકારોની રચના કરે છે. મોટું ભૂમિ-ગૃહ (ભોંયરું), એના ઉપર ખૂબ ઊંચા ઉભણીએ લીધેલો મંદિ-રનો વિશાળ પહેલો માળ, એના ઉપર બીજો માળ, અને એની ઉપર ત્રીજો માળ, અને ઉંચાં ઉંચાં શિખરો; બીજે માળથી થતું કાચની કોર સમા લીલા સાગરનું મનોરમ દર્શન; આ બધાથી જિનમંદિર જાણે સદાને માટે હૈયામાં જડાઇ જાય છે.

શિલ્પશાસ્ત્રની દૃષ્ટિએ, ઇતિહાસની દૃષ્ટિએ કે પરંપરાગત માન્યતાની દ્રષ્ટિએ આ તીર્થનું કે આ જિનમંદિરનું અવલો-કન તો સ્વતંત્ર લેખો જ માંગી લે. આ દરેક દ્રષ્ટિએ આ જિનમંદિર અંગે ઘણું લખી શકાય એમ હોવા છતાં અહીં તો માત્ર એનું ભાવનાચિત્ર જ ઉદ્દિષ્ટ છે.

હિંદુસ્તાનના જુદા જુદા ઘણા પ્રદેશોમાં જૈન–જનેતર મંદિરો જોવાને અવસર મળ્યા છતાં, રચનાની દ્રષ્ટિએ આ જિનમંદિરની તોલે આવી શકે એવું મંદિર મારા જોવામાં આવ્યું નથી, એટલે એ રીતે આ મંદિરને અતિશયોક્તિનો દોષ વહોર્યા વગર, સાચા અર્થમાં 'બેનમૂન' મંદિર કહી શકાય; એટલે કે આપણા પ્રાચીન અર્વાચીન જે મંદિરો મોજૂદ

છે, તેમાં પ્રભાસપાટણના આ જિનમંદિરની અવશ્ય ગણના થવાની એમાં શંકા નથી અને સોમનાથનો યાત્રી, બીજી કોઇ ભાવનાથી નહીં તો છેવટે એક ભવ્ય ઈમારતનાં દર્શન કરવાની ભાવનાથી પ્રેરાઇને પણ આ જિનમંદિરનાં દર્શને અચૂક રીતે આવવાનો જ. આવું બેનમૂન ભવ્ય જિનમંદિર ઊભું કરવામાં થોડોઘણો પણ ભાગ લેનાર દરેક ભાઇ–બ્હેનને ધન્યવાદ ઘટે છે.

મંદિરનું મોટા ભાગનું કામ પૂરું થયું હોવા છતાં, હજુ કામ ચાલુ છે. તેમાં મંદિરના શિલ્પમાંની કોરણીના કામનો અને ગૂંબજો, રંગમંડપો વગેરેના કામનો સમાવેશ થાય છે કોરણીનું કામ તો જેટલું કરવું હોય તેટલું થઇ શકે. એમાં જેટલાં નાણાં ખર્ચવાં હોય તેટલાં ખર્ચી શકાય. આપણે ઈચ્છીએ કે રચનામાં જેમ આ જિનમંદિર બેનમૂન બન્યું છે, તેમ કોરણીમાં પણ એને ખૂબ સમૃદ્ધ બનાવી શકાય એવી મદદ એને મળી રહે! પૈસાના અભાવે આવા સુંદર મંદિરનું કામ અધૂરું નહીં રહે એવી આશા રાખીએ.

પાસે પાસેનાં ચાર મંદિરોનું એકીકરણ કરીને આ મંદિર ઊભું કરવામાં આવ્યું છે; અને ફક્ત પોણા બે વર્ષ જેટલા ટૂંકા સમયમાં જ આવું વિશાલકાય મંદિર જે ઝડપથી તૈયાર કરવામાં આવ્યું છે તે બીજા મંદિરના વ્યવસ્થાપકો અને શિલ્પીઓને માટે અભિનંદન માંગી લે તેમ છે. આવતા એકાદ વર્ષમાં તો આ મંદિરનું કામ સર્વાંશે પૂર્ણ થઇ જશે એવી ઉમેદ છે.

ચાર વર્ષથી શરૂ કર્યા છતાં સોમનાથના મંદિરનું ચણુતર કામ ફક્ત એના જેટલું જ આગળ વધીને અત્યારે સાવ બંધ પડયું છે, એ જોઇને સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓને કે વ્યવસ્થાપકોને આ જિનમંદિરના કામમાંથી ધડો લેવાનું સૂચવવાનું મન થઇ આવે છે.

આબૂનાં જિનમંદિરો એની સુકુમાર સજીવન કોરણીને લીધે, રાણકપુરનું જિનમંદિર એની વિરાટ માંડણી અને સ્થંભાવલીઓને લીધે, કોણાર્ક (ઓરીસાનું) સૂર્યમંદિર એની કોતરણી અને વિશાળતાને લીધે જેમ પ્રસિદ્ધ બન્યાં છે; તેમ પ્રભાસપાટણનું આ નવીન જિનમંદિર એની અનોખી રચનાને લીધે શિલ્પપ્રેમીઓને અને સ્થાપત્યના અભ્યાસી-ઓને માટે યાત્રાધામ બની રહેશે.

આવા મોટા મંદિરની આસપાસ થોડી પણ ખાલી જગ્યા નથી, એ ખટકે એવી બીના છે. આવી ભવ્ય ઈમારતની આસપાસ વિશાળ પ્રાંગણ હોય તો સોનું અને સુગંધ ભેગાં મળી જાય. તાજમહેલની શોભા જેટલી એના પોતાના શિલ્પને લીધે છે એટલી જ એની આસપાસની વનરાજીથી ઓપતા પ્રાંગણને આભારી છે, પણ આ તો સગવડની વાત થઇ, એ હોય તો સારુ ન હોય તો એની ચિંતા નહીં.

જુનાગઢ-ગિરનારની કે સોમનાથની યાત્રાએ જનાર સહુ ભાઇ-ભગિની પ્રભાસપાટણના આ બેનમૂન જિનમંદિરનું દર્શન કરવાનું ન ચૂકે. આવા મંદિરનું દર્શન એ તો જીવનનો બેવડો લહાવો બની રહેશે, એટલી સહુ ખાતરી રાખે.

**રતિલાલ દીપચંદ દેસાઈ**

# પ્રભાસપાટણનું અદ્વિતીય ને અપ્રતિમ જિનમન્દિર

લેખક–સાહિત્યરસિક હસમુખલાલ કે. ગાંધી.
વેજલપુર (પંચમહાલ)

પોતાની પ્રાચીનતા અને પવિત્રતાથી પ્રસિદ્ધિ પામેલ શ્રી પ્રભાસપાટણનું અદ્યતન, અજોડ ને આબેહૂબ આકર્ષણ એટલે ચમત્કારિક પ્રાચીન પ્રભુશ્રી ચન્દ્રપ્રભસ્વામિનું નૂતન નવલખું ને નયનાનંદકારી જિનમંદિર ! આભની અટારીએ અડકવાની હરિફાઇ કરતો, અને જૈનસંસ્કૃતિ ને સંસ્કારનું મીઠું ગાન ગાતો વંદનીય ને દર્શનીય ધ્વજાદંડ, પગપાળા કરી દૂરદૂરથી આગમન કરતા પૂજ્ય–સાધુ–સાધ્વી ભગવન્તો અને ભાવિક પંથકોના ઉર્મિશીલ હૃદય–સાગરમાં અગમ્ય ભાવોર્મિ, અવર્ણનીય કલ્પનાતરંગો અને અદમ્ય ઉમંગના ઉમળકા પ્રગટાવે છે.

માનવ હૃદયને શાન્તિતા–એકાગ્રતાને તન્મયતાથી તરબોળ કરનાર શ્રીચન્દ્રપ્રભસ્વામિજીની મનોહર પ્રતિમા-ના દર્શન વિના પ્રત્યેક માનવ જેમ મત્સ્ય–જળહીન ભૂમિ પર તરફડે તેમ તરફડે તેમાં શું આશ્ચર્ય? અપ્રતિમ જિનમન્દિરની ઝીણી ને અદ્‌ભૂત શિલ્પકળા માનવચક્ષુને મન્ત્રમુગ્ધ કરી પ્રભુદર્શનની પ્યાસી બનાવે તો શી

નવાઇ ? બેનમૂન–જિનમન્દિરની શાંતિતા ભવ્યતા વિશાળતા સ્થાપત્યના શોખીનો, સૌંદર્યના શોધકો અને સહૃદયી યાત્રિકો આકર્ષે તો કંઈ જ નવાઇ ન કહેવાય !

વિશ્વના વિખ્યાત કલાકારોને આકર્ષતું, પ્રેરણા આપતું અને ધાર્મિક ભાવના વારસામાં અર્પતું કલાયુક્ત જિન-મન્દિર, ભવિષ્યમાં અદ્ભૂત અજાયબ ને સૌંદર્ય સંલગ્ન વધુ ને વધુ તીર્થધામ તરીકે પ્રસિદ્ધ બને તેની લેશમાત્ર શંકા રાખવાની નથી.

શ્રી પ્રભાસપાટણનું અજોડ જિનમન્દિર એ જાતે જૈન-ધર્મની અસ્મિતાનું સંરક્ષણ ને સવંર્ધન કરતો અમર દેવદૂત ! !

આ સિદ્ધચક્ર માસિકના ગતાંક ૬–૭ અંકમાં આ કલ્યાણકારી તીર્થધામના નૂતન સર્જનનો આનંદપ્રેરક અહેવાલ અને પૂજ્ય **મુનિશ્રી ચન્દનસાગરજીએ** સાહસ-પૂર્ણ આલેખેલો વર્ષોજૂનો ઇતિહાસ, પુરુષાર્થ ને પ્રગતિની અજબ કહાણી છે !

પ્રેમ, પ્રેરણા ને પ્રગતિની પ્રશંસનીય પૂજ્ય પ્રતિમારૂપ શ્રી પ્રભાસપાટણનું અદ્વિતીયને અપ્રતિમ જિનમન્દિર અખં-ડિત ને અબાધિત રહે જેથી એ પ્રેરણામૂર્તિ જિનમન્દિર, ઉગતા, ઘડતા ને અનુભવ લેતા નાગરિકોને નિઃસ્વાર્થ ધર્મ-પ્રેમનો પદાર્થપાઠ મૂકભાવે આપી શકે છે.

**પરમપૂજ્ય, આચાર્યદેવ, શ્રીચન્દ્રસાગરસૂરી-શ્વરજી**ની પ્રભાવિકતા, તેજોમય પ્રેરણા અને ધનપતિઓનો

અખૂટ ને અતૂટ ધર્મપ્રેમ, અને ભારત સરકાર માન્ય શિલ્પશાસ્ત્રી શ્રીપ્રભાશંકરભાઈની પ્રશંસનીય પ્રગતિના ત્રિવેણી સંગમ ઉપર જ શ્રી પ્રભાસપાટણ વિષે આ બેનમૂન જિનમન્દિરનું નવીન સર્જન થવા પામ્યું છે—આ અતિહાસિક ઘટના નિઃશંક ને નિર્વિવાદ છે.

અગણિત માનવોએ તન, મન અને ધનનું અર્પણ કરી આ નૂતનમન્દિરનું નિર્માણ કર્યું છે, તેની પ્રતીતિ દર્શન કરનારને ભાગ્યેજ થયા વિના રહે. સાધર્મિક ભગિનીઓનો અનુકરણીય સહકાર—ગુરુવર્યો અને વડીલોને અધિપતિઓની અમૂલ્ય સલાહ અને ચતુર્વિધ સંઘના અવિભક્ત સંપથી જ ભવ્ય અને વિરાટ જિનમન્દિર નિર્માણ પામ્યું છે, સલાહ સંપ ને સહકારથી ભવિષ્યમાં પણ વધુ શ્રેયસ્કર ઉન્નતિએ પુણ્ય પન્થે સધાય એ જ આશા! એ જ અભિલાષા. એ જ અભ્યર્થના! અલ્પ સમયમાં અશકય અને અકલ્પ્યકાર્યને સિદ્ધિની ટોચ ચઢાવનાર શ્રી પ્રભાસપાટણના આગેવાનો તથા કારીગરોને પુનઃ પુનઃ અભિનંદન ને આભાર માનવાનું મન થઇ જાય છે. વિશાલ જિનમંદિર પાછળ વિશાલ દૃષ્ટિવાળા ટ્રસ્ટી શ્રીમાનોના શુભ હસ્તે સંચાલન પામતું વિશાલ ટ્રસ્ટ હોય તો જિનમન્દિરના સર્જનની સાર્થકતા વધુ ને વધુ પ્રશંસાપાત્ર ગણાય. પ્રભાસપાટણના સંઘ માથે એ ટ્રસ્ટ ફંડની વધુ જવાબદારી છે.

સૌરાષ્ટ્રનું એક જાગતુંજીવતું ને જ્વલંત પ્રલોભનરૂપ શ્રી પ્રભાસપાટણના અદ્વિતીય ને અપૂર્વ જિનમન્દિરના પ્રભુ-

ઓની-પૂ. આ. શ્રી. ચન્દ્રસાગરસૂરિજીએ કરાવેલી પ્રતિષ્ઠા, અંજનશલાકા વિધિ, અને એ પ્રસંગોની આસપાસ ગુંથાયેલી વિધિઓ દરમ્યાન થયેલી પૂ. આચાર્યશ્રીની પ્રભાવિકતાના પવિત્ર પ્રતાપે દુનીઆને અજાયબીમાં નાખતી ઉછામણી, બેલાખના આંકડાને ઓળંગી આગળ ધપે છે ! બે લાખ રૂપિયા અને તે આ વિકટ મોંઘવારીના જમાનામાં !!! આ સંખ્યા સાબિત કરે છે કે **જૈનો અજોડ ને નિઃસ્વાર્થી ધર્મપ્રેમી છે.**

ઐતિહાસિકદૃષ્ટિએ, શિલ્પશાસ્ત્રની દૃષ્ટિએ, અને પ્રાચીનતાની દષ્ટિએ પણ શ્રીપ્રભાસપાટણનું જિનમન્દિર અદ્વિતીય અને અપ્રતિમ છે સાત લાખ રૂપીઆ ઉપરાંતના ખર્ચે તૈયાર થઇ રહેલા જિનમન્દિરની સાથે પરાપૂર્વથી "**ચન્દ્ર**" નામનો ભવ્ય ઐતિહાસિક ને આશ્ચર્યજનક સંબંધ નિહાળતાં હર્ષની લાગણી આપોઆપ અનુભવાય છે.

સૌરાષ્ટ્ર એટલે પવિત્ર જન તીર્થોનો અખૂટ ભંડાર ! સૌરાષ્ટ્રના કાંગરે કાંગરેને ખૂણે ખૂણે ઇતિહાસપ્રસિદ્ધ જૂના જાણીતા અવશેષો ને આકર્ષણો નિહાળનાર ઇતિહાસરસિક પર્યટનપ્રેમી, કે ભાવિક પંથક આ અદ્વિતીય ને અપ્રતિમ જિનમન્દિરના પવિત્રતર દર્શન કર્યા વિના પાછો ફરે તો કહી શકાય કે 'ગયો હતો તળાવે પણ આવ્યો તરસ્યો'

સૌંદર્યસુધાનું આહ્લાદક પાન કરાવતું, સત્ય અહિંસા ને શાંતિના અનુકરણીય સિદ્ધાન્તોને પ્રસરાવતું, દૂર દૂરના

યાત્રિકોને આવકારતું ને આકર્ષતું, વિશાલ વિરાટ ને નીલ-વર્ણી સાગરના કાંઠે સમાધિસ્થ મુનિની માફક આસન જમાવેલ શ્રી પ્રભાસપાટણનું અદ્વિતીય ને અપ્રતિમ જિનમન્દિર જૈન સંસ્કારનો દિવ્ય ને અમર સંદેશો ઊગતી પ્રજાને હરહંમેશ આપતું રહે ! ! !

કુદરતે સર્જેલ અભિનય-કળા સર્જનના સાનિધ્યમાં માનવસમૂહ સ્વદષ્ટિ પ્રમાણે સ્વશક્તિ અનુસાર વીતરાગ સર્વજ્ઞ પ્રતિ પ્રેમભક્તિ પ્રદર્શિત કરતું સર્જન ખડું કરે છે ત્યારે તો સ્વર્ગના દેવો પણ નત મસ્તકે પ્રભુને અર્ધ્ય અર્પી અલૌકિક આનંદ અનુભવે છે, અનેકવિધ જળતરંગોથી વિભૂષિત થયેલ સાગરના કિનારે માનવતા–શાંતિતા ને સત્યતાની પરિમલ પ્રસરાવતું અદ્વિતીય અને અપ્રતિમ પ્રભાસપાટણનું જિનમન્દિર અને તેમાં બીરાજમાન મૂળ-નાયક શ્રી ચન્દ્રપ્રભસ્વામિ પ્રભુને વિનયવર્ધકને હૃદયંગમ ક્રોડક્રોડ વંદન હો ! ! !

# શ્રીચન્દ્રપ્રભાસ-પાટણ-તીર્થ

## તીર્થનું મહાત્મ્ય

વર્તમાનકાલે સૌરાષ્ટ્રદેશમાં જેની પશ્ચિમદિશા અને દક્ષિણદિશામાં સમુદ્ર છે, પૂર્વદિશામાં ત્રિવેણી સંગમ છે અને ઉત્તર-પશ્ચિમની દિશામાં વેરાવળ બંદર છે, અને જુનાગઢની ( ગિરનાર તીર્થ ) સડકના રસ્તે ૫૪ માઈલ પર આવેલ ચન્દ્રપ્રભાસ તીર્થ છે. તે ચન્દ્રપ્રભાસ પાટણને ચંદ્રપ્રભાસ, ચન્દ્રપ્રભાસપાટણ, પ્રભાસ, ચન્દ્રપ્રભા, દેવપટ્ટણ, પાટણ, સોમનાથઃ આમ અનેક નામોથી ઇતિહાસમાં જોવામાં આવે છે. આ ચન્દ્રપ્રભાસપાટણ શહેર અને તેની જૈનતીર્થ તરીકેની પ્રાચીનતા ઘણી જૂની છે અર્થાત્ અબજો વર્ષ પૂર્વેની છે.

## શ્રીચન્દ્રપ્રભાસપાટણ-તીર્થની થયેલી સ્થાપના.

આ જંબુદ્વીપ નામના દ્વીપમાં દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્રના ભરતક્ષેત્રને વિષે શ્રીસિદ્ધાચલની પશ્ચિમે બ્રાહ્મી નામની નદી અને ચંદ્રોદ્યાન હતું. ત્યાં શ્રી **આદિનાથપ્રભુ-પ્રથમ તીર્થંકર**ના પુત્ર શ્રીભરત ચક્રવર્તીએ પ્રભુથી ઉપદેશ પામીને આ અવસર્પિણીમાં પહેલ-વહેલો પ્રથમ શ્રીસિદ્ધાચલનો સંઘ કાઢયો, અને શ્રી સિદ્ધાચલનો ઉદ્ધાર પણ કરાવ્યો. ત્યાંથી સર્વ યાત્રાળુઓ પશ્ચિમ દિશામાં વૃક્ષોથી વિસ્તાર પામેલી શાખાઓના અગ્ર ભાગથી સૂર્યના કિરણોના

પ્રકાશને ઝીલનારા–ચન્દ્રોદ્યાનમાં આવ્યા તે રમણીય ઉદ્યાનમાં અનેક વૃક્ષોની છાયામાં વિશ્રાંત થયેલી કિન્નરીઓના મનોહર શબ્દો કે જે લોકોને પ્રીતિ ઉત્પન્ન કરનારા અને અર્હદ્–ગુણોએ કરી યુક્ત ગીતોના ઝંકારારૂપ હતા, તે લોકો સાંભળવા લાગ્યા. મધુર ફલોનો અને સ્વાદુ-જલનો સ્વાદ લઇ સર્વજનો વૃક્ષોની છાયા નીચે વિશ્રાંતિ લઈ સુખાશ્રમ સહિત થયા. ત્યાં આગળ બ્રાહ્મી (હાલમાં પ્રસિદ્ધ નામ સરસ્વતી) નદીના મનોહર કલ્લોલવડે સુંદર એવા કાંઠા ઉપર સંઘના લોકોનું ચિત્ત અતિહર્ષ પામ્યું. તે વનની રમણીયતા જોવામાં જેનું મન ખેંચાયલું છે, એવા બાહુબલીના પુત્ર સોમયશાકુમાર સમાન વયના બીજા કુમારો સાથે તે વનમાં ફરવા ગયો. આ અતિ-રમણીય છે આ તેનાથી !, આ તેનાથી રમણીય છે !, એમ રમણીયતાના આનંદને ઉત્તરોત્તર વધુ અનુભવતા આકુળ મને આગળ ચાલતા કુમારે બ્રાહ્મી નદીના કાંઠા ઉપર પર્ણ-કુટીઓ–પાંદડાની ઝુંપડીઓ જોઈ. કૌતુકથી રાજકુમાર જેવો આગલ ચાલ્યો તેવામાં અંગ ઉપર ભસ્મ–રાખોડી ચોળેલા અને જટાધારી તેમ જિતેન્દ્રિય તાપસો તેના જોવામાં આવ્યા.

મૂર્તિથી–બાહ્ય દેખાવથી શાંત હૃદયવાળા અને દેહની કાન્તિથી અદ્ભૂત વૈભવવાળા તેઓને જોઈને સોમયશાકુમારે તેમનો આચાર પૂછયો. તેઓ બોલ્યા ‘ અમે વૈતાઢયગિરિ નિવાસી વિદ્યાધરો છીએ. અમારામાંના કેટલાક હત્યાદિકના પાપથી, અને કેટલાક દુઃખે કરીને દૂર કરાય તેવા રોગોથી

ગ્રસ્ત થઈ ગયા હતા, તે પીડાની શાંતિનો ઉપાય શ્રી ધરણેંદ્ર પાસેથી સાંભળીને અમે આ શ્રી શત્રુંજયગિરિ નજીકના ચંદ્રોદ્યાનમાં આશ્રય કરીને રહ્યા છીએ. હે રાજા! સર્વ પ્રકારના દોષો અને રોગોને હરનારી આ પવિત્ર નદીને અને પવિત્ર ક્ષેત્રને સેવવાથી અમે તે રોગથી અને તે દોષથી મુક્ત થઇ ગયા છીએ. તથા અમે બધા કચ્છ અને મહાકચ્છના આ વ્રતને પ્રાપ્ત કરીને કંદફળોને ખાતા ભક્તિથી શ્રી આદિનાથ પ્રભુનું ધ્યાન કરતા—સ્મરણ કરતા અત્ર રહ્યા છીએ. હે રાજા! અહીં આઠમા—ભાવી તીર્થંકર—શ્રીચન્દ્રપ્રભસ્વામિજીનું સમવસરણ થવાનું છે, તેને લીધે એટલે ભાવિતીર્થ થવાનું છે તેથી અમે અહીં સ્થિર રહ્યા છીએ.

આ શ્રવણ કરી હર્ષ પામીને સોમયશાકુમાર પાછો વળ્યો, અને તે સર્વ વૃત્તાંત સંઘપતિ—શ્રીભરતચક્રવર્ત્તીને કહ્યો. સાંભળીને તે ચક્રવર્ત્તી ઘણા ખુશ થયા, અને ભાવી આઠમા તીર્થંકર શ્રીચંદ્રપ્રભુનું સમવસરણ થશે. એવું જાણી **શ્રીભરત ચક્રવર્તિએ** વર્દ્ધકિની રત્ન પાસે **શ્રી ચન્દ્રપ્રભપ્રભુના પ્રાસાદ સહિત મોટું નગર ત્યાં વસાવ્યું,** અને સકલ સંઘજન સમુદાય સાથે **તે પ્રાસાદરૂપ તીર્થની પ્રતિષ્ઠા કરી.**

## શ્રીસગર–ચક્રવર્તિએ કરેલી શ્રીચન્દ્રપ્રભાસ–પાટણની યાત્રા

બીજા શ્રીઅજિતનાથ તીર્થંકરના સમયમાં શ્રી અજિતનાથપ્રભુના ઉપદેશથી બીજા ચક્રવર્ત્તી શ્રીસગરે સંઘ

કાઢીને શ્રી સિદ્ધગિરિની યાત્રા કરી, અને તેણે શ્રી સિદ્ધાચળ તીર્થનો ઉદ્ધાર કર્યો. ત્યાંથી રૈવતાચલ જતાં માર્ગમાં આવેલ **શ્રીચંદ્રપ્રભાસતીર્થમાં** શ્રીચંદ્રપ્રભપ્રભુને નમી વિમાનમાં બેસીને શ્રી રૈવતાચલના શિખર પર ગયા.

## શ્રીચંદ્રપ્રભાસપાટણના શ્રીચંદ્રોદ્યાનમાં આઠમા શ્રીચંદ્રપ્રભુનું થયેલું સમવસરણ, શ્રીચંદ્રશેખર રાજાએ લીધેલી દીક્ષા અને શ્રીધરણેન્દ્રે બંધાવેલું જિનાલય.

આ ભારતવર્ષમાં **ચંદ્રાનના** નામની નગરી હતી ત્યાં **મહાસેન** નામે રાજા હતો, તેને નિષ્કલંક ચન્દ્રના સમાન ઉજ્વલ શીયળને ધારણ કરનારી **લક્ષ્મણા** નામની **રાણી** હતી. તેણીએ અનુરાધા નક્ષત્રમાં ચન્દ્રનો યોગ આવ્યે છતે કંઇક રાત્રી બાકી રહ્યે છતે ચૌદ મહાસ્વપ્નો નિહાળ્યાં, અને ચૈત્ર માસની કૃષ્ણ પંચમીએ અનુરાધા નક્ષત્રમાં ચન્દ્રનો યોગ આવ્યે છતે વિજયંત વિમાનથી ચ્યવીને ભાવિમાં થનાર આઠમા પ્રભુનો જીવ કુક્ષીએ આવ્યો. લક્ષ્મણા રાણીએ કૃષ્ણ દ્વાદશી ( એટલે પોષ વદી ૧૨ ) એ પુત્ર રત્નને જન્મ આપ્યો. ૫૬ દિક્કુમારીઓએ અને ઈન્દ્રોએ જેનો જન્મોત્સવ કરેલો છે એવા તે પ્રભુ, પંચધાવમાતારૂપ અપ્સરાઓથી લાલિત થતા અનુક્રમે યૌવન વયને પ્રાપ્ત થયા. ચંદ્રના જેવા ઉજ્વલ, ચન્દ્રના લાંછનવાળા અને દોઢસો ધનુષની કાયાવાળા તે **શ્રીચંદ્રપ્રભ**–પ્રભુના નામથી લોકોને આનંદકારી થયા. પછી વિવાહિત થઇને ચોવીશ પૂર્વયુક્ત

સાડા છ લાખ પૂર્વ સુધી પ્રભુએ રાજ્યનું સારી રીતે પાલન કર્યું. તે પછી પોષ માસની કૃષ્ણ ત્રયોદશીએ એ અનુરાધા-નક્ષત્રમાં ચંદ્રનો યોગ આવતાં અપરાહ્નકાલે પ્રભુએ હજાર રાજાઓની સાથે વ્રત ગ્રહણ કર્યું—દીક્ષા લીધી. વ્રત લીધા પછી ત્રણ માસ ગયા ત્યારે ફાલ્ગુન શુક્લ સપ્તમીએ અનુરાધા નક્ષત્રમાં ચન્દ્રનો યોગ આવે છતે પ્રભુને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. અવધિજ્ઞાનથી તે વાર્તા જાણીને ચાર નિકાયના દેવતાઓ કેવલજ્ઞાન કલ્યાણકનો મહોત્સવ કરવા સત્વર ત્યાં આવ્યાં. સમવસરણમાં પ્રભુની દેશના સાંભળીને શ્રીનંદીશ્વરદ્વીપમાં મહોત્સવ કરીને સર્વ દેવો હર્ષથી પોતપોતાને સ્થાનકે ગયા. તે પછી સર્વ અતિશયો સહિત વિહાર કરતા પ્રભુ સર્વ અર્હંતોએ સેવન કરેલા શ્રી શત્રુંજય મહાગિરિ ઉપર આવ્યા. રાજદની–રાયણના વૃક્ષને પ્રદક્ષિણા કરીને આઠમા શ્રીચંદ્રપ્રભ-પ્રભુ અનેક મુનિઓ સાથે ત્યાં સમવસર્યા, અને વાણીવડે પુણ્યજલને વર્ષાવવા લાગ્યા. તેમ તીર્થનો મોટો મહિમા વર્ણવીને અને તેને પ્રદક્ષિણા કરીને પ્રભુ ચન્દ્રોદ્યાનમાં આવ્યા. સગર રાજાએ લાવેલા સમુદ્રને તીરે બ્રાહ્મી નદીના તટ ઉપર ચન્દ્રોદ્યાનના એક ભાગમાં પ્રભુ સમોવસર્યા, એટલે દેવતાઓએ સમવસરણ રચ્યું, આ અવસરે લોકોનો સમૂહ ત્યાં આવી નમીને અને સ્તવીને પ્રભુની પાસે બેઠો. તે વખતે નજીકમાં રહેલી ચન્દ્રપ્રભા નગરીનો રાજા ચન્દ્રશેખર, ચન્દ્રપ્રભા રાણી અને ચન્દ્રયશા પુત્રની સાથે ત્વરાથી ત્યાં આવ્યો. પ્રભુની સ્તુતિ કરીને અને નમીને તેમના વચનામૃતનું

પાન કરવા માટે પ્રભુ પાસે બેઠા. પ્રભુએ કહ્યું, "સર્વ રીતે અસ્થિર એવા આ સંસારમાં શ્રીશત્રુંજય મહાતીર્થ, અર્હંતનું ધ્યાન અને બે પ્રકારનો ધર્મ એ જ સાર છે. શ્રીપુંડરીકગિરિરાજના સેવનથી, શ્રીજિનેશ્વરના ધ્યાનથી, અને બે પ્રકારના ધર્મથી શાશ્વત્ સુખની સિદ્ધિ હસ્તગત થાય છે. દેવોમાં જેમ અર્હંત, ધ્યાનમાં જેમ શુકલધ્યાન, ઇંદ્રિયોમાં જેમ રસનાનો જય, કર્મોમાં જેમ મોહનીયનો જય, અને વ્રતોમાં જેમ બ્રહ્મચર્ય તેમ સર્વ તીર્થમાં આ તીર્થ મુખ્ય છે; તેમજ સર્વ ધર્મમાં મુનિપણું પણ મુખ્ય ગણાય છે; કારણ કે સાધુપણાની મુદ્રા વિના મુક્તિરૂપી સ્ત્રી કોઇને વરતી નથી." પ્રભુના મુખથી આ દેશના સાંભળીને ચન્દ્રશેખર રાજાએ તત્કાલ બોધ પામીને દીક્ષા ગ્રહણ કરી, આ વખતે સમુદ્રના તટ ઉપર પ્રભુના કાયોત્સર્ગના સ્થાને શ્રીધરણેન્દ્રે ચન્દ્રકાન્તમણિના બિંબને પધરાવીને એક પ્રાસાદ (દેરાસર) કરાવ્યો.

શ્રી ચન્દ્રશેખર રાજર્ષિ વિહાર કરતા કરતા ભગવંતના ચરણકમલથી પવિત્ર એવી **ચંદ્રપ્રભા** નગરીમાં આવ્યા. અખંડ આજ્ઞાવાલો તેમનો પુત્ર ચન્દ્રયશા તેમને આવેલા સાંભળી પાંચસો રાજાઓની સાથે વાંદવા આવ્યો. જ્ઞાની-મુનિએ સર્વ નમ્ર-ભક્તોને ધર્મલાભ આપીને ધર્માનુસારી વાણીવડે દયામય ધર્મ સંભલાવીને તેમના ઉપર ઉપકાર કર્યો વળી મુનિરાજે કહ્યું કે—અહીં શ્રીચન્દ્રપ્રભભગવંત રહેલા હોવાથી આ ઉત્તમ તીર્થ **શ્રીચંદ્રપ્રભાસ** નામે પૃથ્વીમાં

પ્રખ્યાતિ પામશે. સમુદ્રની ભરતી આવે તેવા જે ભાગમાં પ્રભુ કાયોત્સર્ગે રહ્યા હતા, તે ભાગના પાણીની છોળો પ્રભુ ઉપર લાગવા માંડી, આથી લવણસમુદ્રના અધિષ્ઠાયક દેવે ભક્તિથી ત્યાં સ્થલરૂપ પૃથ્વી કરીને સમુદ્રનું રુંધન કર્યું અને તે ઠેકાણે **ધરણેન્દ્રે પ્રભુનો મહાનિર્મલ પ્રાસાદ કરાવ્યો,** તેથી આ સ્થાન એક પવિત્ર તીર્થ થયું, અને ત્યારપછી આ સમુદ્ર પણ પવિત્ર કહેવાયો. ચન્દ્રશેખર રાજર્ષિએ નીચે પ્રમાણે ધર્મોપદેશ દીધો.

**તીર્થ-માહાત્મ્ય.**

"જે ઠેકાણે એક યોજનમાં શ્રી ચન્દ્રપ્રભપ્રભુનું સમવસરણ થયેલું હતું ત્યાં જો દૈવયોગે કોઇ માણસ મૃત્યુ પામશે તો તે સારી ગતિમાં જ જશે ! શ્રી તીર્થંકર પ્રભુના ચરણકમલથી પવિત્ર એવા તે પ્રદેશમાં મૃત્યુ પામેલા મનુષ્યદેહમાં દુર્ગન્ધી ઉત્પન્ન થશે નહીં, કીડા પડશે નહીં અને મલિન રુધિરનું પરૂ થઈ સડી પણ જશે નહીં. સાવદ્ય કર્મનો ત્યાગ કરી જિનધ્યાનમાં તત્પર થઈને જેઓ આ તીર્થમાં તપ કરશે, તેમનાથી મુક્તિરૂપી કામિની દૂર રહેશે નહીં. આ તીર્થે મૃત્યુ પામેલા પ્રાણીઓ નરકમાં કે તિર્યંચ ગતિમાં જતા નથી, પણ તેઓ મનુષ્યગતિ કે દેવગતિમાં જાય છેઃ અથવા મોક્ષની કલ્યાણ સંગતિને ભોગવે છે. સગર રાજાએ આ સાગરને તીર્થની રક્ષા માટે આકર્ષ્યો હતો, અને આ ઘણા જલવાળી બ્રાહ્મી નદી પ્રભુને સ્નાન કરાવવાને માટે બ્રહ્મેન્દ્રે લાવેલ છેઃ તેથી તે નદી સર્વ કર્મનો ઘાત કરનારી અને પવિત્ર છે. અહીં

ઘણાં તીર્થોનો સંગમ થયો છે, તેથી આ ઉત્તમ ચન્દ્રપ્રભાસ-તીર્થ સર્વ પાપનો નાશ કરનારું છે. ચાર શાખાવાળો ધર્મ શુભ ભાવનાપૂર્વક જો અહીં આરાધ્યો હોય તો તે સેંકડો શાખાએ વિસ્તાર પામીને સર્વ વાંછિતોને આપે છે.”

આ પ્રમાણે ધર્મોપદેશ આપીને તે સર્વોપકારી શ્રીચંદ્રશેખર રાજર્ષિ ત્યાંથી અન્યત્ર વિહાર કરી ગયા.

### ચન્દ્રયશા રાજાએ બંધાવેલ જિનમન્દિરો—

શ્રી ચન્દ્રયશા રાજાએ હર્ષથી તે ઠેકાણે **પ્રાસાદ (દેરાસર)** સહિત **શ્રી ચન્દ્રપ્રભુની ચન્દ્રકાન્તમણિની** મૂર્તિ કરાવી. પ્રથમ જે આદિનાથપ્રભુના પૌત્ર સોમયશાએ અર્હંત પ્રભુનો **પ્રાસાદ** કરાવ્યો હતો તેની નજીકમાં આ પ્રાસાદ તેના જેવોજ કરાવ્યો, તેમાં પોતાના પિતા ચન્દ્રશેખરની પણ **એક મણિમય મૂર્તિ** કરાવીને ચન્દ્રયશાએ સ્થાપિત કરી; અને પિતાની મૂર્તિના મસ્તક ઉપર **ચન્દ્રનું લાંછન** કરાવ્યું તથા જિનસ્નાત્રના જળથી પિતાની મૂર્તિને સ્નાન કરાવ્યું અને આ સ્થળે તે બન્ને મૂર્તિઓનો ઉત્સવ પણ તેને એક સરખી રીતે કર્યો.

### ચન્દ્રયશા રાજાએ લીધેલી દીક્ષા—

શ્રી ચંદ્રયશારાજાએ શ્રીસિદ્ધાચલ, રૈવતાચલ, આબુ, વગેરેની યાત્રાઓ પણ સંઘ કાઢીને કરી; અને ઉદ્ધાર કરવા યોગ્ય સ્થાને ઉદ્ધારો કર્યો. ત્યાર પછી સદ્ગુરુની પાસે દીક્ષા ગ્રહણકરીને, લાખ પૂર્વ સુધી દીક્ષા પાળીને ચાર કર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન પામી અન્તે તે ચન્દ્રયશા મોક્ષસુખને પામ્યા.

## સોલમા શ્રીશાન્તિનાથ પ્રભુના સમયમાં તેમના પુત્ર ચક્રધરે શ્રી શત્રુંજયગિરિનો ઉદ્ધાર કરીને શ્રીચન્દ્રપ્રભાસ-તીર્થની કરેલી યાત્રા.

સોલમા શ્રી શાન્તિનાથપ્રભુના પુત્ર ચક્રધરે શ્રી સિદ્ધાચલનો સંઘ કાઢ્યો હતો, ત્યારે ઈન્દ્ર મહારાજની પ્રેરણાથી શ્રીસિદ્ધાચલનો દશમો ઉદ્ધાર કર્યો. તે વાર પછી સમુદ્રની પાસે રહેલા **શ્રી ચન્દ્રપ્રભાસ તીર્થ**માં આવીને શ્રીચન્દ્રપ્રભુનો અઠ્ઠાઇ મહોત્સવ કર્યો હતો.

## વીશમા—શ્રીમુનિસુવ્રતસ્વામિના તીર્થમાં શ્રીદશરથ રાજાએ કાઢેલો સંઘ, અને પ્રભાસપાટણની કરેલી યાત્રા, તથા મહાસતી સીતાએ બંધાવેલું જિનાલય અને પોતે સ્થાપના કરેલી જિનમૂર્તિ.

વીશમા શ્રી મુનિસુવ્રત સ્વામિના સમયમાં શ્રીદશરથ રાજાએ રામ-લક્ષ્મણ-પુત્રો તેમ કુટુંબ-પરિવારસહિત છ'રી' પાળતો શ્રી સિધ્ધાચલનો સંઘ કાઢયો હતો. અનુક્રમે સિધ્ધાચલની યથાવિધિ યાત્રા કરીને-સંઘ અને કુટુંબ સાથે દશરથ રાજા શ્રી ગિરિરાજ પરથી નીચે ઉતર્યા. આગલ ચાલતાં શ્રીચન્દ્રપ્રભાસનગરીમાં સીતાએ એક **નવીન ચૈત્ય કરાવી,** પૂજા-ભક્તિ કરી, અને ગુરુને પ્રતિલાભી સેંકડો સતીઓએ સ્તુતિ કરેલાં સીતા સતીએ તે તીર્થમાં પ્રભાવના કરી.

## બાવીસમા શ્રીનેમિનાથ સ્વામિના સમયમાં પાંડવોએ કરેલી શ્રીચન્દ્રપ્રભાસ—તીર્થની યાત્રા.

બાવીસમા શ્રીનેમનાથ સ્વામિના ઉપદેશથી પાંડવોએ શ્રીસિધ્ધગિરિની યાત્રા કરીને અને તે મહાતીર્થનો ઉધ્ધાર

કરીને, શ્રીચન્દ્રપ્રભાસતીર્થે જઇને શ્રીચન્દ્રપ્રભા-પ્રભુની હર્ષ-થી પૂજા કરી હતી.

## ત્રેવીસમા શ્રી પાર્શ્વનાથસ્વામિના સમયમાં હસ્તિસેન-રાજાએ શ્રીચન્દ્રપ્રભાસતીર્થની કરેલી યાત્રા.

ત્રેવીસમા શ્રીપાર્શ્વનાથ પ્રભુના ઉપદેશથી તેમના ભ્રાતા, વારાણસી નગરીના રાજા હસ્તિસેને શ્રીસિધ્ધાચલજીનો સંઘ કાઢયો હતો. શ્રીસિધ્ધગિરિની યાત્રામાં તે રાજા સંઘની સાથે દેવાલયને આગલ કરી પૂર્વ સંઘપતિની જેમ માર્ગમાં જિનેશ્વરની અને ગુરુની પૂજા કરતા ચાલ્યા. અનુક્રમે શ્રીશત્રુંજય મહાતીર્થ ઉપર આવી નદીઓમાંથી જલ લઇને મોટા મહોત્સવથી પ્રભુને નમસ્કારપૂર્વક સ્નાત્ર કર્યું, પછી દ્રવ્યની વૃષ્ટિ કરતા તેને શિખરે શિખરે ચૈત્ય કરાવ્યા અને પુણ્યથી ગાઢ બનીને મહોદયવાળા તેને વિશેષ પ્રકારે સંઘની પૂજા કરી, ત્યાંથી ચાલતાં તીર્થરૂપ આ **શ્રીચન્દ્રપ્રભાસમાં** ને ગિરનારમાં પણ અર્હંતપ્રભુને નમી સ્તવન કરીને તેણે પાંચ પ્રકારનાં દાન આપ્યાં.

ઉપર પ્રમાણેનો શ્રીચન્દ્રપ્રભાસપાટણનો ઇતિહાસ-ચોવીસમા તીર્થંકર શ્રીમહાવીરપ્રભુના શાસનમાં વિક્રમ સંવત ૩૭૦)ની લગભગમાં વલ્લભીપુરમાં શ્રી ધનેશ્વરસૂરિજી વિરચિત શ્રી શત્રુંજય મહાત્મ્યમાંથી ઉધ્ધરીને અત્ર આપ્યો છે. આથી અત્ર માનવું થાય છે કે જેટલી જેટલી વખત શ્રી સિદ્ધાચળતીર્થના જે જે ઉદ્ધારકો થયા અને ઉધ્ધાર કરીને શ્રી ગીરનારજી પધાર્યા તે સર્વે (ઉધ્ધારકો) શ્રીચન્દ્રપ્રભાસતીર્થે

આવવું ચૂકયા નથી; આ કથન શત્રુંજયમાહાત્મ્યાદિ ગ્રંથના હિસાબે માનવું પડતું નથી.

વિક્રમ સંવત ૩૭૫ પછી જે ઇતિહાસમાં બનેલા બનાવો ગ્રન્થોમાં જોવામાં આવ્યા છે તે નીચે પ્રમાણે છે.—

## વિદ્યમાન-શ્રીમૂળનાયક-શ્રીચન્દ્રપ્રભપ્રભુના બિંબનું આકાશમાર્ગે આગમન ?

વિક્રમ સં. ૩૭૫માં મ્લેચ્છરાજાઓનું આક્રમણ આવતાં વલ્લભીપુરનો ભંગ થવાની તૈયારીના "તે દિવસે વલ્લભીમાંથી અમ્બાદેવીની અને ક્ષેત્રપાલની મૂર્તિ અધિષ્ઠાયક દેવના બળથી આકાશ માર્ગે ઊડીને શ્રી સોમનાથ પાટણમાં શ્રી ચંદ્રપ્રભાસપાટણમાં જઇ સ્થિર થઇ" આવો ઉલ્લેખ વિક્રમ સં. ૧૩૬૧માં થયેલા પ્રૌઢ પ્રતાપી-શ્રીમેરુતુંગસૂરિએ રચેલા શ્રીપ્રબંધચિંતામણિ નામના ગ્રન્થમાં છે. હાલમાં વિદ્યમાન મૂળનાયક શ્રીચંદ્રપ્રભપ્રભુના બિંબ ઉપર કોઈ જાતનો ઉલ્લેખ નથી. પહેલાં લેખો લખવાનો ખાસ રિવાજ હતો નહી, અગર કવચિત્ કવચિત્ હતો એમ માલમ પડે છે; વિદ્યમાન બિંબઉપર લેખ નથી એ એની પ્રાચીનતા માટે પૂરતું છે. તેમ અહીંયાં આ નૂતન બંધાયેલા પૂર્ણાંગ શ્રીગજેન્દ્રપ્રાસાદમાં પેસતાં બ્હારની જમણી બાજુની ચોકીના ગોખલામાં સ્થાપિત શ્રીઅંબિકાદેવીની નીચે લખાણ-લેખ છે, તેમાં જણાવે છે કે-संवत १३६५ वर्षे वैशाख वदि ९ बुधे श्रीदेवपत्तनवास्तव्य श्री श्रिमालज्ञातीय...सोमसींह ......मातृ गुरवे आत्मपुण्याय श्रीचन्द्रप्रभस्वामिचैत्ये पूर्वं व्योममार्गेण समागतायाः अंबिकाया मूर्ति...पूत्रकद्वयालङ्कृ·

तादेवकुलिका.........जीर्णोद्धारः कृतः सुहडसींहेन कारितः पेटलापद्रीय श्रीमद...........धर्म्मदेवसूरिभिः प्रतिष्ठिताः ”
આ લેખનો સાર એ છે કે–અંબિકાની મૂર્તિ પહેલાં આકાશમાર્ગે આવેલી તેની દેવકુલિકાનો ઉદ્ધાર કરી વિક્રમ સંવત ૧૩૯૫ માં પેટલાપદ્રીય આચાર્ય શ્રીધર્મદેવસૂરિવડે પ્રતિષ્ઠા કરવી.

આ લેખ પણ તે પ્રતિમાઓ આકાશ માર્ગે અહીં આવ્યાનું પુરવાર કરે છે. શ્રીધર્મદેવસૂરિજી પેટલાપદ્રીય ગચ્છના છે, જ્યારે મેરુતુંગ આચાર્ય નાગેન્દ્રગચ્છીય છે; અને તેમણે ૧૩૬૧ ની સાલમાં આ પ્રબન્ધચિંતામણિનો ગ્રન્થ વઢવાણ (વર્ધમાનપુરમાં) રચ્યો છે.

## ગુર્જરેશ્વર-સિદ્ધરાજ જયસિંહે કરેલી યાત્રા

મગનલાલ દલપતરામે છપાવેલ શ્રી જગડુશા ચરિત્રમાં પૃ. ૧૨૫ માએ જણાવે છે કે ‘ સિદ્ધરાજ જયસિંહે જુનાગઢના રાજા રા’ ખેંગારને જીતવા સારુ ટુંકો માર્ગ શોધી વઢવાણથી જુનાગઢ સુધીની સડક બાંધેલી તે સડકને શ્રી સોમનાથપાટણ સુધીની લંબાવી હતી. ”

“ કલિકાલ–સર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્યે શ્રીસિદ્ધહેમવ્યાકરણની રચના કરી, અને જ્યાર પછી સિદ્ધરાજ જયસિંહે શ્રી શત્રુંજયનો સંઘ કાઢયો. ત્યાં યાત્રા કરીને આગળ ચાલતાં શ્રી ગિરનારજી તીર્થની યાત્રા કરીને **શ્રી પ્રભાસપાટણની** યાત્રા કરી. અહિંથી તેઓ કોડીનાર ગયા અને સિદ્ધરાજે

પોતાનો ગાદીવારસ કોણ થશે? તે પૂછયું અંબિકાદેવીની આરાધના કરીને શ્રીહેમચંદ્રાચાર્યે 'કુમારપાલ ગાદીએ આવશે તેમ જણાવ્યું."

## વિક્રમ સં. ૧૧૫૦ પછીથી અને ૧૨૨૯ ની પહેલાંના અરસામાં આ તીર્થની વિદ્યમાનતા હતી તેના પૂરાવા

૧. "એકદા શ્રી હેમચન્દ્રાચાર્યને દેવબોધિ સાથે બેઠા હતા, અને રાજા ગુરુ પાસે શાસ્ત્ર રહસ્ય સમજી રહ્યા હતા. તેવામાં ગુરુ અચાનક બોલતા બંધ થઇ ગયા. અને ઊંડેથી દુ:ખનો નિ:સાસો નાખ્યો. તુરતજ દેવબોધિએ પોતાના હાથ મસલ્યા અને બોલ્યા 'કંઇ નહીં.' પછી ગુરુએ પાઠ આપવાનું શરૂ કર્યું, તુરતજ રાજાએ (કુમારપાલે) શી હકીકત બની? તે પૂછયું. શ્રી હેમચન્દ્રચાર્યે જવાબમાં જણાવ્યું કે "હે રાજન્! દેવપટ્ટણમાં શ્રી ચંદ્રપ્રભસ્વામિના મંદિર વિષે એક ઉંદર દીવાની વાટ લઈ જતો હતો. તેથી આગનો ભડકો ઉઠયો હતો તે દેવબોધિએ પોતાના હાથ મસળીને ઓલવી નાંખ્યો." રાજાએ ખાસ ખેપીઓ મોકલીને સદરહુ તપાસ કરાવી તો ગુરુએ કહેલું સર્વ યથાસ્થિત હતું.

૨. પરમાર્હત્ કુમારપાલે પૂર્વે કરેલી હિંસાની આલોચનામાં બત્રીસ કુમારવિહાર કરાવેલા, તે મધ્યે શ્રી સોમેશ્વર પાટણમાં એક **કુમારવિહાર** કરાવ્યો હતો, તેમાં એક વખત બૃહસ્પતિ નામના તપસ્વીએ કાંઈક જૈનધર્મ વિરુદ્ધ અપરાધ કર્યો.

૩. શ્રી પ્રભાસપાટણમાં શ્રીચન્દ્રપ્રભુને ઉત્તમ ભાવવડે નમસ્કાર કરીને પોતાની ઉચિતતા પ્રમાણે પૂજા કરીને પોતે કરાવેલા **શ્રી અષ્ટાપદના દેરાસર**ના શિખરે સોનાનો કલશ ચઢાવ્યો; અને દાન યોગ્ય લોકોને દાન આપ્યું. તેમ કુમારપાલને શ્રી હેમચન્દ્રાચાર્યે જગતપ્રસિદ્ધ એવા સોમ-ચંદ્ર, ઇશ્વર-પ્રભુ શ્રીસોમેશ્વર (ચંદ્રપ્રભપ્રભુનાં) પ્રત્યક્ષ દર્શન કરાવ્યાં

## પ્રભાસપાટણમાં થયેલી ગ્રન્થ રચના

૧૫. સં. ૧૨૬૪ની સાલમાં શ્રીદેવેન્દ્રસૂરિજીએ શ્રી પ્રભાસપાટણમાં બે માસ રહી તે બે માસમાં ૫૩૨૫ શ્લોક પ્રમાણનું શ્રીચન્દ્રપ્રભ પ્રભુનું ભવ્ય શ્લોકબદ્ધ ચરિત્ર રચ્યું છે, જે છપાઇ ગયેલું છે.

## શ્રી વસ્તુપાલ તેજપાલે કરેલી અહિંની યાત્રા અને બંધાવેલા જૈન મન્દિરો લગભગ વિક્રમ સં. ૧૨૮૯ માં

શ્રી વસ્તુપાલ તેજપાલના ચરિત્રના છઠ્ઠા પ્રસ્તાવમાં આ પ્રમાણે છે—

"ત્યાંથી-શ્રીસિદ્ધાચલજીથી તાલધ્વજ, મહુવા, અજારા, કોડીનાર થઇ **શ્રીદેવપત્તન** (પ્રભાસપાટણમાં) આવતાં દેવોને પણ દુર્લભ એવી શ્રી ચન્દ્રપ્રભભગવન્તની તેણે ભક્તિપૂર્વક પૂજા કરી, અને તેજપાલ મંત્રીએ કૈલાસગિરિના શિખર સમાન **શ્રીઆદિનાથનું નવીન ચૈત્ય** કરાવ્યું, અને શ્રીચન્દ્રપ્રભસ્વામિનાં પ્રાસાદની પાસે ચોવીસ જિનેશ્વરોનું

શ્રી **અષ્ટાપદ નામે ચૈત્ય** કરાવ્યું. તેમજ સુજ્ઞ એવા તેણે આકાશમાં સુધાના સારથી ઉજ્જવલ એવી ચંદ્રની મૂર્તિ સમાન અને લોકોના તાપને દૂર કરનાર એવી એક **પોષધ-શાલા** કરાવી. વળી શ્રીઅષ્ટાપદચૈત્ય અને પોષધશાલા આદિના નિભાવ માટે તે મંત્રીએ ત્યાં દુકાનોની શ્રેણિ (લાઈન) તથા ઘરોની શ્રેણિ (લાઇન) કરાવી.

અહિં નીકળેલા ભગ્ન પરિકરની નીચેના ભાગમાં આને સમર્થન કરતો ઉલ્લેખ કોતરેલો છે–

**सं. १२८९ वर्षे वैशाख वद १२ शुक्रवारे आसदेव तद्पुत्र...भार्या अनुपमादेवी ...त्मश्रेयोऽर्थं श्रीमहावीरबिंबं कारितं प्रतिष्ठितं श्रीहरिभद्रसूरिशिष्यैः श्रीविजनसेनसूरिभिः–**

વિ. સં. ૧૨૮૯ ના વૈશાખ વદી ૧૨ શુક્રવારના દિવસે આસ-રાજના પુત્ર તેજપાલ મંત્રીની સ્ત્રી અનુપમા દેવી હતાં. તેમણે શ્રી મહાવીરપ્રભુનું બિંબ કરાવ્યું, અને શ્રી હરિભદ્રસૂરિજીના શિષ્ય શ્રી વિજયસેનસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી. વસ્તુપાલ તેજ-પાલના શ્રી સંઘમાં વિજયસેનસૂરિ અગ્રગણ્ય આચાર્ય હતા, એવું શ્રી વસ્તુપાલ તેજપાલના ચારિત્રમાં પણ જણાવેલું છે.

## શ્રી ધર્મઘોષસૂરિએ કવડજક્ષને પ્રતિબોધ્યો અને કરેલી શાસનપ્રભાવના.

વિક્રમ સં. ૧૩૦૪થી ૧૩૫૭ ના અરસામાં આ તીર્થની વિદ્યમાનતા–૧૪ મા સૈકામાં થયેલા શ્રી ધર્મઘોષસૂરિએ પોતાના શિષ્યની પ્રાર્થનાથી **દેવપટ્ટણ**( પ્રભાસપાટણ )માં

મંત્રગર્ભિત સ્તુતિની રચના કરીને સમુદ્ર પાસે તરંગો–મોજાઓ મારફત રત્નો (જિનમંદિરમાં) ભેટ કરાવ્યાં તેમજ તે દેવપત્તનમાંજ પોતાના ધ્યાનના પ્રભાવથી પ્રગટ થયેલા નવીન કપર્દીયક્ષદ્વારા શ્રીવજ્રસ્વામિના મહાત્મ્યથી શ્રીશત્રુંજયપર્વત પરથી દૂર કરાયેલા અને મિથ્યાત્વને વધારતા જૂના કપર્દી-યક્ષને પ્રતિબોધ પમાડીને સમજાવીને શ્રી જિનેશ્વર ભગવંતના બિંબનો અત્ર અધિષ્ઠાયક બનાવ્યો.

( મહોપાધ્યાય ધર્મસાગરગણીકૃત પટ્ટાવલી પૃ. ૧૬૧ મુદ્રિત)

## જૂના કપર્દીયક્ષને વજ્રસ્વામિ મહારાજે કાઢી મૂકેલાનો પૂરાવો—

વીર સં. ૫૦૪ થી ૫૮૪ ના સમયમાં શ્રીવજ્રસ્વામિ થયા હતા. તેઓ શ્રીમહાવીરપ્રભુની પાટે તેરમા પટ્ટધર હતા. તે સમયે કાળ પ્રભાવે શત્રુંજયનો અધિષ્ઠાયક કપર્દી-યક્ષ મિથ્યાત્વી થઇ ગયો હતો. શંત્રુજયની આસપાસ પચાસ યોજન સુધી બધું ઉજ્જડ થઇ ગયું હતું અને કોઈ યાત્રાએ જઇ શકતું નહિં. કપર્દી યક્ષ મનુષ્ય ભક્ષણ કરતો હતો, અને રુધિર, ચામ, હાડ, માંસ વિગેરેથી તીર્થા-ધિરાજની અતીવ આશાતના થતી હતી; અને તેના ડરને લીધે કોઇ ફરકી શકતું નહીં. એટલે આ મહાતીર્થ પર તૃણ વિગેરે પણ વધી ગયું, આવી સ્થિતિમાં કોઈ પ્રભાવિક આચાર્ય તીર્થોદ્ધાર કરીને નવા યક્ષનું સ્થાપન કરે તો જ યાત્રા સંભવિત બની શકે તેમ હતું.

'જાવડશાહે શત્રુંજયોદ્ધાર માટે સહાયક થવા શ્રી વજ્રસ્વામિને વિનંતિ કરી, ભાગ્યયોગે તેજ સમયે શ્રી વજ્રસ્વામિ (મતાંતરે વજ્રસેનનો) પ્રતિબોધેલ મનુષ્ય મરણ પામી યક્ષપણે ઉત્પન્ન થયેલ તે વંદન નિમિત્તે ત્યાં આવ્યો.

વજ્રસ્વામિએ શાસનોન્નતિ માટે શત્રુંજયના ઉદ્ધારમાં યક્ષને મદદ કરવા સુચવ્યું અને જાવડશાહ સહિત પ્રયાણ શરૂ કર્યું. પૂર્વના મિથ્યાત્વી કપર્દીયક્ષે ત્રાસ આપવામાં અને નવા નવા વિઘ્નો વધારવામાં કશી પણ કચાશ ન રાખી, છતાં વીર જાવડશાહ અને વજ્રસ્વામિ તેનું નિવારણ કરતાં કરતાં ગિરિશિખર પર પહોંચ્યા. મિથ્યાત્વી કપર્દીએ એકવીશ વખત તે અર્હંત બિંબને ગિરિરાજ પરથી નીચે ઉતાર્યું અને જાવડશાહે એકવીશ વખત ઉપર ચઢાવ્યું.

છેવટના ઉપાય તરીકે શ્રી વજ્રસ્વામિ વિગેરે ચતુર્વિધ સંઘે કાયોત્સર્ગ કર્યો અને જાવડશાહ તથા તેમની પત્ની રથના ચક્ર નીચે સૂઇ રહ્યાં. તેમના અતીવ શીલપ્રભાવથી અને ધર્મભક્તિથી નવા કપર્દીયક્ષની સહાયથી તે મિથ્યાત્વી યક્ષ વધુ ઉપદ્રવ કરી શકયો નહિ; અને તેઓ મંદિરમાં પ્રવેશ કરી શકયા. પછી ચૈત્યને અત્યન્ત નિર્મળ કરીને પૂર્વની જીર્ણ પ્રતિમાને સ્થાને નવી મૂર્તિનું સ્થાપન કર્યું તે સમયે મિથ્યાત્વી યક્ષે અગાઉની મૂર્તિમાં અધ્યાસ–કર્યો–પ્રવેશ કર્યો. પણ તે શક્તિહીન થઇ જવાથી ફલિભૂત થયો નહીં, અને છેવટે તેણે એવો દારૂણ અવાજ કર્યો કે ગિરિગુફા–શિખરો કંપી ઉઠયા અને આ ગિરિરાજ ઉત્તર દક્ષિણ એમ બે વિભા-

ગમાં વહેંચાઈ ગયો. શ્રીવજ્રસ્વામિ, જાવડશા તથા તેની પત્ની સિવાયના સર્વે મૂર્છાવશ થઇ ગયા. તે પછી નવા કપર્દીની સહાયથી અને પૂર્વપ્રતિમાના અધિષ્ઠાયકોને શાન્ત વાણીથી પ્રાર્થના કરતાં સર્વત્ર કુશળ થયું અને નવી પ્રતિમાનું ચૈત્યમાં સ્થાપન થયું.

(મહોપાધ્યાય-શ્રી ધર્મસાગરજીગણિકૃત પટ્ટાવલી પૃ. ૬૯ મુદ્રિત)

## એક માસમાં પાંચ વખત થયેલ અંજન શલાકા-પ્રતિષ્ઠા

જગદ્ગુરુ વિજયહીરસૂરીશ્વરજીના શિષ્ય વિજયસેન સૂરિજીની છત્રછાયામાં-અહિં પ્રભુઓની પ્રતિમાઓ વિષે લેખો છે. તે જોતા વિ. સં ૧૬૬૬ વર્ષે પોષ સુદી ૬ થી મહા સુદિ ૬ સુધીમાં પાંચ વખત અંજનશલાકા પ્રતિષ્ઠાઓ થઇ છે.

## ૧૨૩ વર્ષ ઉપર થયેલો જીર્ણોદ્ધાર.

વિક્રમ સંવત-૧૮૭૬ વર્ષે મહા સુદ ૮ના દિને શ્રી વિજયજિનેન્દ્રસૂરિના ઉપદેશથી માંગરોલ નિવાસી શા સુન્દરજી મકનજીએ આ તીર્થનો જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠા કરાવી હતી.

## પેથડશાહે કરેલી પ્રભાસ પાટણની યાત્રા

વિક્રમ સં. ૧૩૨૦ માં આચાર્યશ્રીધર્મઘોષસૂરિના ઉપદેશથી પેથડશાહે શ્રીસિદ્ધાચલજીનો સંઘ કાઢયો.

તેઓએ ત્યાં તીર્થમાલ પહેરીને શ્રીગિરનારજીની યાત્રાએ શ્રી સંઘ જતાં વચ્ચે સોમેશપટ્ટન-પ્રભાસપાટણ આવીને લાખો રૂપીઆના ખર્ચે જિનાલય બંધાવ્યું.

(શત્રુંજયપ્રકાશ પૃ. ૮૧)

## સમરશાહે કરેલી શ્રી પ્રભાસપાટણની યાત્રા

મહા સુદિ ૧૪ના પ્રથમ એવા શ્રી ઋષભજિનની વિક્રમ સં. ૧૩૭૧ માં શ્રીસિદ્ધગિરિ વિષે સમરશાએ શ્રી સિદ્ધિસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવીને સંઘ સહિત વણથલી થઇ શ્રી ગિરનારજીની યાત્રા કરી, અને દશ દિવસ સઘળો એ શ્રીસંઘ ત્યાં રહ્યો તે સમયે દેવપટ્ટનના મહારાણા મુગ્ધરાજના આગ્રહથી શ્રીસંઘ સહિત દેવપટ્ટન (**પ્રભાસપાટણ**)ની યાત્રા કરી અનુક્રમે તેઓ અણહિલપુર પહોંચ્યા.

## રાજસીએ કાઢેલા સંઘમાં પ્રભાસપાટણનો ઉલ્લેખ

જુનાગઢથી નવાબ સરદારખાનના સૈનિકોના રક્ષણ નીચે જુનાગઢ નિવાસી-રાજસી સંઘવીએ શ્રીશંત્રુજયનો સંઘ વિક્રમ સં. ૧૭૨૨માં કાઢયો હતો, અને તેમાં પ્રભાસપાટણનો સંઘ જોડાયેલો હતો. (શ. પ્ર. પૃ. ૧૦૨)

વિક્રમ-સંવત્ ૧૯૩૮માં કચ્છથી શ્રીસંઘ જુનાગઢ આવેલો તે ગિરનારજીની યાત્રા કરીને શ્રીચંદ્રપ્રભાસપાટણ-તીર્થમાં આવી શ્રી સિદ્ધાચલજી તીર્થ ગયેલો હતો.

વિક્રમ સંવત ૧૯૮૫માં રાધનપુરનિવાસી શેઠશ્રી જીવતલાલ પ્રતાપશીએ શ્રી સિદ્ધગિરિનો સંઘ કાઢયો હતો, તે સંઘે શ્રી સિદ્ધાચલજીની યાત્રા કરીને:જુનાગઢ પધારી શ્રી

ગિરનારજી યાત્રા કરી, ત્યાંથી શ્રીસંઘના સંઘવી જીવતલાલ-ભાઇ તથા શ્રીસંઘનું ઘણું માણસ અત્ર પ્રભાસપાટણ યાત્રા અર્થે આવેલું હતું.

વિક્રમ સંવત ૧૯૯૩ની સાલમાં બહુશ્રુત, ગીતાર્થ સાર્વભૌમ, પ૦ પૂ૦ આગમોદ્ધારક–શ્રીઆનંદસાગરસૂરીશ્વરજીના ઉપદેશથી જામનગરનિવાસી નગરશેઠ પોપટલાલ ધારસીભાઇએ શ્રીસિદ્ધગિરિનો સંઘ કાઢયો હતો. તેમાં પૂ. સૂરિસમ્રાટ્ આ. વિજયનેમિસૂરીશ્વરજી મહારાજનો તથા આગમોદ્ધારક, પૂ૦ આ૦ શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી આદિનો વિશાલ સાધુ–સાધ્વીઓનો સમુદાય, અને હજારો યાત્રાળુઓ હતા, તે શ્રીસંઘ ગિરનારજીની યાત્રા કરીને પ્રભાસ-પાટણ આવેલો, અને અહિંથી શ્રીસંઘ-દીવ, ઊના. અજારા, મહુવા આદિ સ્થળોની યાત્રા કરીને શ્રીસિધ્ધગિરિ તીર્થે ગયેલો હતો.

## વર્તમાનકાલમાં થયેલો ઉદ્ધાર.

શ્રીપ્રભાસપાટણ–તીર્થના દેરાસરોમાં ચાર દેરાસરો જીર્ણ થઈ ગયા હતા, આનો ઉદ્ધાર કરવાની શ્રીસંઘની ભાવના ઘણા દિવસોથી હતી; પરન્તુ પૂ૦ શ્રી ગુરુમહારાજાઓના ઉપદેશ છતાં સંજોગોવશાત્ થઇ શકતો નહીં. અનુક્રમે કાલ પરિપકવ થતાં સંવત ૨૦૦૮ના માહ સુદ ૬ ને શુક્રવારે પ્રતિષ્ઠા કરાવીને ઉદ્ધારની આશાઓ મૂર્તરૂપે ફલિભૂત થઇ. આ તીર્થના ઉદ્ધાર માટે યોગ્ય સ્થાનરૂપ પૂ. સૂરિસમ્રાટ્ના શિષ્ય આ૦ શ્રી વિજયોદયસૂરિજી વિગેરે પાસે એની યોગ્ય

સલાહો લેવાયા પછી જાણીતા શિલ્પશાસ્ત્રી પ્રભાશંકરભાઇએ આપેલ પ્લાન મુજબ કાર્ય કરવા માટે કારીગરો લાવવામાં આવ્યા, સં. ૨૦૦૬ના વશાખ સુદી ૧૦ ના દિને તેનું ખાતમુહૂર્ત્ત સ્વ૦ શ્રેષ્ઠિ હરખચંદ મકનજીના પુત્ર હરકીશનદાસના શુભ હસ્તે તેમ શિલારોપણ પણ તેમના શુભ હસ્તે કરવામાં આવ્યું. દેરાસર લગભગ તૈયાર થતાં આની પ્રતિષ્ઠા કરાવવા માટે શાસનધુરંધર, ગીતાર્થ-સાર્વભૌમ-સ્વર્ગસ્થ આગમોદ્ધારક-**આચાર્યદેવ-આનંદસાગરસૂરિપુરંદર**ના પરમ પ્રભાવશાલી—પટ્ટવિભૂષણ વિદ્વાન્ શિષ્ય **આ. શ્રી. ચન્દ્રસાગરસૂરિજી**ને આમન્ત્રણ કરવામાં આવ્યું. આ આમન્ત્રણને માન આપીને વિ. સં. ૨૦૦૮ના પોષ વદી ૫ ના દિને તેઓશ્રી શિષ્ય-પ્રશિષ્યો આદિ ૨૭ ઠાણા સહ પ્રભાસપાટણ પધાર્યા હતા, શ્રીસંઘે તેમનું ભાવભીનું ભવ્ય સામયું કર્યું. અને તેઓશ્રીના પુનીત હસ્તે મહા સુદી ૫ ને ગુરુવારે શ્રી અજિતનાથપ્રભુ, શ્રીવાસૂપૂજ્ય-સ્વામિ, શ્રીમહાવીરસ્વામિ, શ્રીવાસુપૂજ્યસ્વામિ, શ્રી મુનિસુવ્રતસ્વામિજીના નવીન બિંબોની અંજનશલાકા કરાવી, અને તે જ સમયે સાથેસાથે શ્રી મૂલનાયક શ્રીચંદ્રપ્રભસ્વામિજી, શ્રીપાર્શ્વનાથપ્રભુ, શ્રીસુવિધિનાથપ્રભુ અને શ્રીશાન્તિનાથપ્રભુના ચાર પરિકરોના આઠ કાઉસ્સગીયાઓની, તેમ વિજય યક્ષની મૂર્તિ, દેવીઓની છ મૂર્તિઓ, પાંચ ધાતુઓની ચોવીસીઓ, એક ચાંદીની ચોવીસી, સાત ચાંદીની પ્રતિમાઓ, ધાતુઓના સિદ્ધચક્રના યંત્રો, ચૌદ ચાંદીના સિદ્ધચક્રના યંત્રો અને પાંચ ધાતુના

અષ્ટમંગલના યંત્રો એમ સર્વ કુલ્લે મળીને ૫૭ શ્રીઅંજન-શલાકામાં મેલવવામાં આવેલ હતાં. અંજનશલાકાના સર્વ વિધિવિધાન શ્રીઅજિતનાથ પ્રભુની સન્મુખ કરવામાં આવ્યા હતાં. આ જિનમંદિરનું નામ પૂર્ણ અંગવાળો ગજેન્દ્રપ્રાસાદ છે. તેને ત્રણ મજલા છે, નવ ગભારા મૂલમાં કર્યા છે, અને બીજે મજલે પાંચ ગભારાનું ૧૦૦ ફુટ લાંબી પહોળી જગોમાં બજારના લેવલથી ૮૫ ફૂટ લાંબુ ઊંચું આ મન્દિર બાંધવામાં આવ્યું છે, આને ત્રણ ધ્વજાદંડ ચઢાવવામાં આવ્યા છે. મૂલનાયક તરીકે આઠમા તીર્થંપતિ શ્રી ચન્દ્રપ્રભુ બિરાજમાન છે. મહા સુદિ ૬ ને શુક્રવારે પ. પૂ. આ. શ્રીચન્દ્રસાગરસૂરિજીના પુનિત હસ્તે પ્રતિષ્ઠા કરાવવામાં આવી છે. આ નૂતન દેરાસર છ લાખના ખર્ચે તૈયાર થયું છે, અને હજુ ત્રણ લાખના જેટલું ખર્ચ થશે. પ્રભુઓને સ્થાપન કરવાની અને અંજનશલાકા–પ્રતિષ્ઠા વિગેરેના સર્વ પ્રસંગોમાં અપાતી ઉછામણીની ઉપજ બે લાખ ઉપરની સારા પ્રમાણમાં થઈ છે, છતાં કામ હજુ ઘણું બાકી છે; માટે દરેક દેરાસરના ટ્રસ્ટીઓએ અને ઉદારચરિત ગૃહસ્થોએ પોતાના વહીવટ વિગેરેની ચંચળ લક્ષ્મીને અચળ બનાવવાનો આ અવસર ચૂકવા જેવો જ નથી.

## શ્રી ચન્દ્રપ્રભાસ–પાટણ–તીર્થ માટે

સોમનાથપ્રાસાદ અને પ્રભાસતીર્થ નામના લેખમાં અખંડાનંદના પેજ ૧૩૩ માં નીચે પ્રમાણે ભારત સરકાર-માન્ય શિલ્પશાસ્ત્રી પ્રભાશંકરભાઈ કહે છે.

"જૈન ગ્રંથોમાં પ્રભાસપાટણને 'ચંદ્રપ્રભાસ' તીર્થ નામે ઓળખાવેલ છે, અહીંના જૈન મંદિરમાં પોણાચાર ફુટની ઊંચી પાષાણની અદ્ભૂત પ્રાચીન મૂર્તિ 'ચન્દ્રપ્રભુની' છે વળી બીજી પણ સુંદર આકૃતિની પ્રતિમાઓ છે અહીંની ધાતુની મૂર્તિઓ અને સુંદર ઘડેલાં પરિકરો તો અવર્ણ્ય છે, એ જોઈને કલારસિકો આનંદ પામે છે. અહીં ઉભેલાં જૈન મંદિરોના સમૂહ વચ્ચે બારમા સૈકાનો એક સુંદર કારીગરીવાળો ઉત્તમ મંડપ ઊભો છે. પેલાં મંદિરો તો માત્ર બસો ત્રણસો વર્ષ પરના જ બાંધેલાં છે, અત્યારે એક વ્યવસ્થિત સુંદર ગોઠવણવાળું ભવ્ય જૈન મંદિર સાતેક લાખ રૂપીયાના ખર્ચે બંધાય છે, જેની સુંદર રચના તોલે ગુજરાતનું કોઇ મંદિર આવી શકશે નહિં. વિ. સં. ૧૩૬૧ માં રચેલા મેરુતુંગાચાર્યનો પ્રબંધચિંતામણિ નામનો ગ્રન્થ ગુજરાતના એ યુગના ઇતિહાસમાં પ્રમાણભૂત ગણાય છે, તેમાં ઉલ્લેખ છે કે—શ્રી સોમેશ્વરપાટણમાં ચન્દ્રપ્રભુ જિનાલય ઉપરાંત અષ્ટાપદ તીર્થનું જિનમંદિર છે, તેના પર સુવર્ણકળશ ચઢાવ્યાનો ઉલ્લેખ પણ એ ગ્રન્થમાં છે, તેથી આ મન્દિરો વિ. ૧૩૬૧ અગાઉ હતાં એમ સાબિત થાય છે. પહેલાંની જુમામસિદ અને સૂર્યમંદિર નામે ઓળખાતું સ્થાન વિશાળ જૈન મંદિર હતું એવા સ્પષ્ટ ચિહ્નો છે, તેના પ્રવેશમાં અષ્ટકોણપટ્ટ ભારપટ્ટના ઉપરના થરમાં જિનમૂર્તિઓ ઉપર કળશ ઢોળતા હાથીઓની એક પંકિત કંડારેલી છે.

## જૈન સિવાયના બીજા પુસ્તકો વિગેરેમાં પ્રભાસ-પાટણના જુદા જુદા નામો

રજુ કરનારઃ-શાસ્ત્રી હરિશંકર પ્રભાશંકર પ્રભાસપાટણ

૧ હરનગર, ૨ શિવનગર, મોટા ઝાંપાના વિ. સં. ૧૨-૭૫ના શિલાલેખમાં છે, ૩ સોમનાથપુર, કોડીનારના વિ. સં. ૧૩૨૮ ના કોટેશ્વર મંદિરની પ્રશસ્તિમાં ૪ સુરપત્તન, ધામ-લેજના વિ. સં. ૧૪૩૭ ની પ્રશસ્તિમાં, વિલવિલ પટ્ટણ, ટોડ રાજસ્થાનમાં વેરાવળના શિલાલેખનું ભાષાન્તર પૃ. ૬૦૪ માં ૬ માં ૬ પટ્ટણદેવ, સોરઠી તવારીખમાં ૭ વેરાવળ પાટણ, આધુનિક નામ છે, ૮ દેવપાટણ-કાન્હડદે પ્રબંધમાં, ૯ પ્રાચીન પાટણ બ્રાહ્મણ પુરોહિતના ચોપડામાં ૧૦ પટેમક્ષી-કાઠીયાવાડ સર્વ સંગ્રહમાં, ૧૧ સોમપુર, ગંડભાંવ બૃહસ્પતિમાં લેખમાંથી पौराणिक नामो ભવિષ્યના कल्प પ્રભાસ ખંડ ૧ અધ્યયન દશમામાં—૧ પ્રમોદ, ૨ નંદન, ૩ શિવ, ૪ ઉગ્ર, ૫ ભદ્રિક, ૬ સમીધન, ૭ કામદ, ૮ વિશ્વરૂપ ૯ શ્રી પદ્મનાભ ક્ષેત્ર, ૧૦ મોક્ષમાર્ગ, ૧૧ સુદર્શન, ૧૨ પ્રભાસ, ૧૩ ઉત્પલાવતક્ષેત્ર, આમ તેર નામ છે. તેમ **બીજા પુરાણોમાં** ૧ અર્કસ્થળ, ૨ ભાસ્કરક્ષેત્ર, ૩ સૌમ્યપુર, સોમતીર્થ, પુરાણોમાં આ તીર્થની વિદ્યમાનતા ચારે યુગમાં છે તેમ જણાવ્યું છે.

# શ્રીદોકરીઆપાર્શ્વનાથ

મૂળનાયકશ્રીચન્દ્રપ્રભપ્રભુની ડાબી બાજુના ગભારામાં વિરાજિત મૂળનાયક શ્રીદાદાપાર્શ્વનાથની ભવ્ય પ્રતિમા વર્તમાનમાં-દોકડીયાપાર્શ્વનાથ અને દાદાપાર્શ્વનાથના નામે પ્રસિદ્ધ છે. આ પ્રતિમાજી ઘણા પ્રાચીન છે. શ્રીપાર્શ્વનાથપ્રભુના એકસો આઠ નામ-વિક્રમ સંવત્ ૧૬૬૭ માં કવિશ્રી શાન્તિકુશળે રચેલા રાસમાં ગણાવતાં 'દેવપાટણમાં-ડોકરીઓ પાસ' જણાવ્યું છે. આ રાસ પ્રથમ સત્યપ્રકાશ નામના માસિકમાં અને વર્તમાનમાં શ્રીસિદ્ધચક્ર માસિક અંક આઠમા વિષે પ્રસિદ્ધ થયો છે. ડોકરીઆ પાસની વર્તમાન દંતકથા એવી છે કે-કેટલાક સૈકા ઉપર આ પ્રભુજીની પહેલી પૂજા કરતા એક ભાગ્યશાળીને હંમેશાં તે સમયનું પ્રસિદ્ધ નાણું દોકરીઓ પ્રભુની પલાંઠીથી મલતો હતો. કાલાન્તરે તે વાત બહાર જતાં તે નાણું તેને મલતું બંધ થયું. અને તે દોકરીઓ (નાણું વિશેષ) પ્રભુની પલાંઠી વિષે ચોંટી ગયો જે વર્તમાનમાં પણ ચોંટી ગયેલો દેખાય છે. આ પ્રભુજીનો મહિમા વર્તમાનકાળમાં પણ ઘણો છે તે પ્રભુની પ્રતિષ્ઠામાં ગાદીનશીન કરવાની ઉછામણી વખતે જણાઈ આવેલ વાંચકો જોઇ શકશે. મુખ્ય મૂળનાયક શ્રીચન્દ્રપ્રભપ્રભુને બેસાડવાના રૂા. ૨૮૫૦૧ બોલાયા હતા જ્યારે દાદાશ્રી પાર્શ્વનાથપ્રભુને બેસાડવાના રૂા. ૫૧૦૦૦ બોલાયા હતા.

# जीर्णोद्धार विषे मददनी जरूर

શ્રીચન્દ્રપ્રભાસપાટણ શહેર એ અતિ પ્રાચીન તીર્થ છે તે તો આ અંક વાંચીને જરૂર આપ ભાગ્યવંત વાંચકો સમજી શકશો. વખતોવખત આ તીર્થના ઉદ્ધારો પણ થયા છે. આ ભૂમિ શ્રીશત્રુંજયનું ચન્દ્રોદ્યાન હોવાથી પ્રાયઃ શાશ્વતી છે. અમારા શ્રી સંઘે તીર્થનો ઉદ્ધાર વર્તમાનમાં કર્યો છે. તેમાં શ્રી સંઘે દેવદ્રવ્યના તથા સ્થાનિક ટીપના અને પરદેશની ટીપોના રૂપીઆથી લગભગ છ લાખ ઉપરાંતનો ખર્ચ કર્યો છે, અને હજુ બે લાખ રૂપીઆથી વધુ ખર્ચ થાય તેટલું કામ બાકી છે; તો શ્રીજૈનદેરાસરોના ટ્રસ્ટી-શ્રીમાનોને અને ઉદારદિલ શ્રીમંતોને અમારી કમિટીની વિનંતિ છે કે આપ આપનાથી બનતો ફાળો અહીંના જીર્ણોદ્ધારમાં તૂરત મોકલી પરભવનું પવિત્ર ભાથારૂપ પુણ્ય હાંસલ કરશો એવી આશા છે.

લી॰

[illegible]. જૈન સંઘની

[illegible] કમિટિના સભ્યો

[illegible]ણ ( સૌરાષ્ટ્ર )

[illegible]વેરાવળ